# ગ્રંથકારનું નિવેદન

અનેક લોકો કદાચ જાણતા નહીં હોય કે શરદચંદ્ર ખૂબ સારા કથાકાર હતા. આમ પણ તેઓ એક ઉચ્ચ પ્રકારના આર્ટિસ્ટ હતા. એમના લખાણ કરતાં પણ વાર્તા કહેવાની રીત વધારે મનોરંજક હતી.

શરદચંદ્ર ઉપર એક લખાણમાં શ્રીયુત પ્રેમાંકુર આતર્થીએ આ વાત કહી હતી. ૧૯૫૩માં દૈનિક વસુમતીના શારદિયા અંકમાં આ નિબંધ પ્રકાશિત થયો હતો.

શરદચંદ્ર સાથે જેઓ પરિચિત હતા તેઓ જાણે છે કે આ કથન કેટલું સાચું છે. વાર્તાનું વિષયવસ્તુ તો નવીન હતું જ, તે ઉપરાંત એની કહેવાની રીત એવી જાદુઈ હતી કે શ્રોતાઓ અભિભૂત થઈ જતા. ખરેખર વાર્તા કહેવાની શરદચંદ્રની અસાધારણ ક્ષમતા હતી.

સ્વર્ગીય મોહિતલાલ મજુમદાર મહાશય પણ લખે છે : વાર્તા સાંભળીને હું અભિભૂત થઈ ગયો હતો. માત્ર વાર્તા નહીં, વાર્તા કહેવાની અસાધારણ રીતથી પણ. શરદચંદ્રની વાર્તાઓ બધાએ વાંચી છે અને મુગ્ધ થઈ ગયા છે, પરંતુ એમના મુખેથી જે સાંભળ્યું છે એનો અનુભવ બીજી જાતનો, એમાં ભાવની અદ્‌ભુત અભિવ્યક્તિ.

શરદચંદ્ર જેવી મજલિસી વ્યક્તિ આ યુગમાં વિરલ. મિત્રો સાથે કે કોઈ બેઠકમાં તેઓ કલાકોના કલાકો સહજતાથી વિવિધ રસપ્રદ વાતો કહી શ્રોતાઓમાં જમાવટ કરતા.

બંગાળ, બિહાર અને બર્મા, આ ત્રણ જગ્યાએ તેઓ ખૂબ ફર્યા હતા અને બધે જ ઘણા લોકો સાથે એમને અંતરંગ મૈત્રી હતી. આવા ઘણા અનુભવોની વિવિધ વાતો તેઓ તક મળતાં જ મિત્રોને સંભળાવતા. એમાં હસવા-રડવાની વાતો જેમ થતી, તેમ દેવદેવીની વાતો, ભૂતની વાતો, કશું જ બાકી રહેતું નહીં.

શરદચંદ્ર પાસેથી જેમણે વાતો સાંભળેલી હતી, એમાંના કેટલાક લોકોએ થોડી વાતો વિવિધ સામયિકમાં પ્રકાશિત કરેલી છે. સ્વ. મોહિતલાલ મજુમદાર (શનિવારેર ચિઠિમાં), શ્રી પ્રેમાંકુર આતર્થી (શારદિયા દૈનિક વસુમતીમાં), શ્રી સાવિત્રીપ્રસન્ન ચટ્ટોપાધ્યાય (શરદ સ્મરણિકામાં), અધ્યાપક શ્રી કુમુદચંદ્ર

રાયચૌધરી (બાતાયન શરદ-સ્મૃતિ સંખ્યા) એ ઉપરાંત બીજા પણ થોડા લોકોની રચનાઓ મેં બીજી પત્રિકામાં જોઈ છે.

શરદચંદ્રની હયાતીમાં એમની થોડી બેઠકી વાતો પ્રકાશિત થઈ હતી. જેમ કે 'પુષ્પપાત્ર' પત્રિકામાં શ્રી નરેન્દ્રનાથ બસુની 'મૃત્યુર પર' (મૃત્યુ બાદ) વાર્તા. વાર્તા છપાયા પહેલાં શરદચંદ્ર પોતે નરેનબાબુનું લખાણ જોઈ ગયા હતા અને નામકરણ કર્યું હતું. 'ચરકા' વાર્તા પણ 'સંકલ્પ' સાપ્તાહિક પત્રિકામાં પ્રકાશિત થઈ હતી.

શરદચંદ્રની ઘણી બેઠકી વાતો આજે પણ એમના શ્રોતાઓને મોઢે ફર્યા કરે છે. દુઃખની વાત એ કે અનેક વાતો ઘણા લોકો ભૂલી પણ ગયા છે.

શરદચંદ્રની આ બેઠકી વાતો એમના શ્રોતાઓ પાસેથી સાંભળીને ભેગી કરી છે. 'ગુરુદેવનું જહાજ ભક્ષણ' બનફૂલે મને કહ્યું હતું, શ્રી નરેન્દ્ર દેવ 'ભાલોભાસાર ગભીરતા' (પ્રેમનું ઊંડાણ) અને 'રાજુર (રાજુનું) સાહસ', શ્રી સૌરીન્દ્રમોહન મુખોપાધ્યાયે 'બરયાત્રી' અને 'કાલીસાધક હરિપદ', શરદચંદ્રના મામા શ્રી સુરેન્દ્રનાથ ગંગોપાધ્યાયે 'ઇન્દ્રનાથ', શરદચંદ્રના ભાણિયા શ્રી રામકૃષ્ણ મુખોપાધ્યાયે 'ભાગ્યલિપિ' અને 'વિપ્લવી દરદી', શ્રી દિનેશ દાસ 'શાશુડિ ઓ બધુ' (સાસુ અને વહુ), હાવડાના (ભુગકલ્યાણ) ગામનિવાસી શ્રી સુકુમાર મિત્ર 'સાપેર વિષ' (સાપનું વિષ), મેદિનીપુરના નંદીગ્રામમાં રહેતા શ્રી રવીન્દ્રનાથ પાંડા 'વૈષ્ણવ નંદીગ્રામ' અને 'રૉયલ બેંગોલ ટાયગર'. આ બધાની કહેલી વાતો મેં ફરીથી શરદચંદ્રના પરિચિત બીજા થોડા લોકો પાસે સાંભળી છે.

આ સંગ્રહ અસંપૂર્ણ – શ્રોતાઓમાં અનેક લોકો આજે હયાત નથી. જેઓ હયાત છે, તેમાંના ઘણા લોકો બહુ દિવસ પહેલાં સાંભળેલી વાતો હવે ભૂલી ગયા છે. ૧૯૩૯ની સાલમાં એક પત્રિકામાં કોઈકે લખ્યું હતું :

કેટલાય દિવસો બાલિગંજના ઘેર સાંજથી રાત સુધી એમની પાસેથી વાતો સાંભળી છે. રંગૂન પ્રવાસની વાત, સાપ પકડવાની વાત, મગર પકડવાની વાત, બામુનઠાકુરની વાત, રાયબહાદુરની વાત વગેરે – આવી કેટલીય વિવિધ વાતો એ કહ્યે જતા, અમે મંત્રમુગ્ધ થઈને સાંભળતા.

દુઃખની વાત એ છે કે આ બધી વાતો પ્રયત્ન કર્યા છતાં હું સાચવી રાખી ન શક્યો. ઘણી વાતો મેં જુદાજુદા લોકો પાસેથી સાંભળી છે, વળી વાંચી પણ

છે. જેમ કે 'ઑપરેશન' વાર્તા. આ વાત મેં શરદચંદ્રના મિત્ર શ્રી હરિદાસ ચટ્ટોપાધ્યાય અને શ્રીરામકૃષ્ણ મુખોપાધ્યાય બંને પાસેથી સાંભળી છે. શ્રી પ્રેમાંકુર આતર્થીરચિત 'એકટિ શારદીયા કાહિની'માં પણ આ વાર્તા જોઈ છે. 'ચંદ્રમુખીર ઉપાદાન' વાર્તા શ્રી શૈલેશ બિશી રચિત 'વિપ્લવી શરદચંદ્રનો જીવનપ્રશ્ન' પુસ્તકમાં વાંચી છે, તે ઉપરાંત બીજા ઘણા પાસે સાંભળી છે. 'પિશાચ' વાર્તા શ્રી રામકૃષ્ણ મુખોપાધ્યાયે મને કહી હતી. 'જખેર (યક્ષનું) ધન' મેં વાંચી હતી. આ સંબંધે 'દીપાવલિ' શરદસંખ્યામાં હેમેન્દ્રકુમાર રાય લખે છે :

'એક દિવસ શરદચંદ્રએ એવી સરસ રીતે એક ભૂતની વાત કહી હતી કે અમારામાંથી કેટલાક રાત્રે એકલા ઘરે જતા બીતા હતા.'

ઘણી વખત એકની એક વાત જુદી રીતે બદલીને કરતા.

થોડીક વિશિષ્ટ વ્યક્તિઓનાં નામ આ વાર્તાઓમાં એવી રીતે આવ્યાં છે કે અવિવેક લાગવાના ડરથી આ પુસ્તકમાં નથી આપ્યાં.

શરદચંદ્રની અદ્વિતીય ભાષા, આ બધી વાર્તાઓમાં સાચવી રાખવાનું શક્ય નથી બન્યું. સાંભળેલી વાર્તાઓ મેં મારી પોતાની ભાષામાં જ લખી છે. તે ઉપરાંત વિવિધ પત્રિકાઓમાં પ્રકાશિત જુદાજુદા લેખકોએ લખેલી વાતો પણ પોતાની ભાષામાં ફરીથી લખી છે.

લાગે છે કે આ બેઠકી વાર્તાઓમાં મોટા ભાગની એમના પોતાના અનુભવ કે પોતે જોયેલી ઘટનામાંથી લખાયેલી છે. ઉદાહરણ તરીકે 'વિધવાવિવાહ' વાર્તા ૧૯૨૬માં શરદચંદ્રએ શ્રી કુમુદચંદ્ર રાયચૌધરીને કહી હતી. આ વાર્તામાં દુલેવહુ ગંગાની માની જે કથા છે, તે મેં પોતે જોયેલી છે. શરદચંદ્ર જે સામતાબેડ ગામમાં રહેતા હતા, એની પાસે જ ગોવિંદપુર ગામ. આ ગામમાં ગંગાની માને મેં જોઈ છે. અત્યારે પણ આ ભૂમિકા લખું છું ત્યારે એ ગોવિંદપુર રહે છે.

શરદચંદ્રની આ બેઠકી વાર્તાઓમાંથી વ્યક્તિ શરદચંદ્ર માત્ર નહીં, સાહિત્યકાર શરદચંદ્રનો પણ આપણને બહોળો પરિચય મળશે એની મને ખાતરી છે.

શરદચંદ્રની આ અદ્‌ભુત વાતો જેમના મુખે મેં સાંભળી છે અને જે બધી પત્રિકાઓમાંથી ભેગી કરી આ પુસ્તકમાં મૂકવી શક્ય બન્યું છે એ દરેકનો હું ઋણી અને કૃતજ્ઞ છું.

# પ્રેમમાં પડવાની વાત

શરદચંદ્ર એમના મામા સુરેન્દ્રનાથ ગંગોપાધ્યાયથી થોડાક વર્ષ મોટા હતા. શરદચંદ્ર ભાગલપુરમાં તેજનારાયણ જ્યુબિલિ કૉલેજમાં ભણતા હતા. તે વખતે સુરેનબાબુને ભણાવતા હતા. સુરેનબાબુ ત્યારે સ્કૂલના વિદ્યાર્થી.

સુરેનબાબુ ભાગલપુર સ્કૂલમાં ભણતાં-ભણતાં જ માલદહ જિલ્લાના ચાંચલમાં એમના પિતા પાસે ચાલી ગયા. એમના પિતા ત્યાં ચાંચલ રાજ એસ્ટેટના મૅનેજર હતા. સુરેનબાબુએ ચાંચલથી જ એન્ટ્રન્સ પાસ કરી.

સુરેનબાબુએ ચાંચલથી ભાગલપુર પાછા આવીને જોયું, શરદચંદ્રનાં માતાનું મૃત્યુ થવાથી એમના પિતા સસરાનું ઘર છોડીને પુત્ર-પુત્રીને લઈને ભાગલપુરના ખંજરપુર પલ્લી જઈને રહેવા લાગ્યા. શરદચંદ્રના પિતા મતિલાલ તે વખતે ઘણા દિવસો ઘરજમાઈ થઈને સસરાને ત્યાં હતા.

સુરેનબાબુએ શરદચંદ્ર વિશે તપાસ કરતાં જાણ્યું, શરદચંદ્ર ખૂબ વાર્તાઓ લખે છે. એમણે બીજું પણ જાણ્યું કે શરદચંદ્રએ રાજ બનેલી એસ્ટેટમાં એક નોકરી પણ લઈ લીધી છે.

સુરેનબાબુ ચાંચલથી ભાગલપુર પાછા આવીને એક દિવસ ખંજરપુર શરદચંદ્રને મળવા ગયા. સુરેનબાબુને ઘણા દિવસો પછી મળવાને લીધે તે દિવસે શરદચંદ્રએ એમની સાથે ખૂબ વાતો કરી હતી. શરદચંદ્રએ તે દિવસે એમના પ્રેમમાં પડવા વિશે પણ એક વાત કહી હતી. સુરેનબાબુએ આ સંબંધે એમના 'શરદચંદ્રના જીવનની એક બાજુ' પુસ્તકમાં લખ્યું છે - 'શરદ તે વખતે બનેલી રાજની એસ્ટેટમાં કામ કરતા

હતા. મૅનેજર શિવશંકર સહાયના ટૂર ક્લાર્ક. થોડા દિવસો શહેરમાં રહેવાનું, પાછા થોડા દિવસ બીજી જગ્યાઓએ ફરવાનું.

તે દિવસે ઘણી વાતો થઈ, શરદની સાથે ઘેર પાછા આવીને. બંને જણે જમીને પછી જ્યોત્સ્ના રાતે એને મૂકવા ગયો. તેઓ પાછા મને મૂકવા આવ્યા. આમ રસ્તામાં વાત કરતાં-કરતાં રાત પૂરી થઈ ગઈ. હું શાંત શ્રોતા. શરદની જીભમાં મા સરસ્વતી નૃત્ય કરતી ચાલે છે.

સમજી ગયો, ટૂરમાં જઈને નીરદા નામની એક છોકરીના પ્રેમમાં શરદ પડ્યો છે. એ કેટલી વાતો, આજે યાદ કરવી અઘરી છે. એક તેજ ઘોડા પર ચડીને તીરવેગે અંધારા સાંતાલ પરગણાના રસ્તે શરદચંદ્ર જઈ રહ્યો છે. કોઈ પણ વાત મનમાં નથી, માત્ર એ જ મનમાં છે કે નીરદા એને માટે રાત જાગીને પ્રતીક્ષા કરે છે. અચાનક ઘોડા સાથે તેઓ નદીમાં પડી ગયા. ભીનાં કપડે, ઘોડા ઉપર જાય છે નટવર નાયક પવનવેગે.

તે દિવસે સાચું માન્યું હતું, પરંતુ આજે સમજું છું મૂર્ખ બનાવવા સિવાય કાંઈ નહીં.

■

# નોકરી

એક શ્રેષ્ઠ સાહિત્યકાર તરીકે શરદચંદ્રનું ત્યારે ખૂબ નામ. તે વખતે એક દિવસ એમના ખાસ પરિચિત એક સજ્જન એમને ઘેર આવ્યા. આવીને એમણે શરદચંદ્રને કહ્યું, 'મોટાભાઈ, હવે નથી થતું! સંસાર લગભગ અચલ. ઘરમાં કેટલા લોકો. ઑફિસમાંથી સામાન્ય જે મળે છે એમાંથી ખૂબ મુશ્કેલીથી જેમતેમ કરીને એક વખત ખાઈને દિવસો પસાર કરું છું. મોટો દીકરો આઇ.એ. ભણતો હતો, થોડાક મહિનાની ફી અને પરીક્ષાની ફી એકસાથે બંદોબસ્ત ન કરી શકવાથી દીકરો આઇ.એ. પરીક્ષા જ આપી ન શક્યો. દીકરો અત્યારે બેકાર બેસી રહ્યો છે. શરદદા આપને તો કેટલાય મોટા લોકોની ઓળખાણ છે. એ બધા જ આપની ઉપર કેટલી શ્રદ્ધા-ભક્તિ રાખે છે. તો દયા કરીને કોઈને પણ કહીને મારા દીકરાને એક નોકરી અપાવો ને, જેથી કરીને આ યાત્રા પાર પડે.'

શરદચંદ્ર બધું સાંભળીને ગંભીર થઈને કહે, 'નોકરી જોઈતી હોય તો તમારા દીકરાએ આઇ.એ. ફેલ થવું પડે.'

એ ભાઈએ પૂછ્યું, 'ફેલ થવાની જરૂર કેમ મોટાભાઈ?'

જવાબમાં શરદચંદ્રએ કહ્યું, 'તો એક વાત કહું છું સાંભળો. સાંભળતાં જ સમજી શકશો. મારો ઓળખીતો એક છોકરો એક વાર એક મર્ચન્ટ ઑફિસમાં નોકરી માટે ગયો. છોકરો તમારા દીકરાની જેમ જ પૈસા ન હોવાથી પરીક્ષા આપી ન શક્યો. એ છોકરાએ નોકરી માટે ઇન્ટરવ્યૂ આપ્યો અને પસંદ પણ થયો. ઇન્ટરવ્યૂ થઈ ગયા પછી ઑફિસના મૅનેજરે છોકરાને કહ્યું : એક-બે દિવસમાં તમારો ઍપૉઇન્ટમેન્ટ લેટર મોકલી દઉં છું.'

છોકરો તો પાછો આવીને, નોકરી એની થઈ ગઈ છે, એ વાત ખૂબ ખુશીથી એના સગાંસંબંધીઓને કહેવા લાગ્યો.

આ બાજુ દિવસો જતા જાય, તો પણ ઍપૉઇન્ટમેન્ટ લેટર આવતો નથી. બીજા કેટલાક દિવસો પસાર થયા. ત્યાર પછી છોકરો એક દિવસ ઍપૉઇન્ટમેન્ટ લેટરનું શું થયું એ પૂછવા ઑફિસના એ મૅનેજરને મળ્યો.

છોકરાને જોતાં જ મૅનેજર કહે, ‘તમારાથી પણ વધારે શિક્ષિત એક છોકરો મળી ગયો. એટલે એને લીધો. એ છોકરો આઇ.એ. ફેલ.’

મૅનેજર પાસેથી આ વાત સાંભળીને મારો પરિચિત એ છોકરો ખૂબ નવાઈ પામ્યો. એણે ખાલી કહ્યું, મેં પણ આઇ.એ. સુધી અભ્યાસ કર્યો છે. માત્ર પરીક્ષા જ નથી આપી શક્યો. પરીક્ષા આપીને પાસ પણ થયો હોત. આ વાત કહી શરદચંદ્ર કહે, એટલે જ કહ્યું કે તમારા દીકરાને નોકરી માટે કાંઈ નહીં તો નાપાસ થવું પણ જરૂરી.

શરદચંદ્રની આ વાત સાંભળી આટલા દુઃખમાં પણ એ સજ્જન હસી પડ્યા.

■